# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૫

### જવાબપત્ર - ૫

સમય : ૧ કલાક
કુલ ગુણ : ૫૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

૧. ગુણાતીતાનંદ સ્વામી દુનિયામાં કેવો સત્સંગ ફેલાય તેવું ઈચ્છતા હતા?
**(૧) પાંદડે - પાંદડે** (૨) દરેક ખંડમાં (૩) દરેક ઘરમાં — ૧. **૧**

૨. ભગવાન સ્વામિનારાયણે કયા ગ્રંથો આપ્યા?
(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(૩) બંને** — ૨. **૩**

૩. ભક્તો જંગલમાં, ગુફામાં કે પર્વતની ટોચે શેનો અનુભવ કરતા?
(૧) ભક્તિનો (૨) મુક્તિનો **(૩) શાંતિનો** — ૩. **૩**

૪. 'અક્ષરવાટ' એટલે કોના દ્વારા શ્રીજી મહારાજનું પ્રગટપણું?
**(૧) ગુણાતીત ગુરુપરંપરા** (૨) ધર્મ પરંપરા (૩) વંશ પરંપરા — ૪. **૧**

૫. 'બધાનાં નામ પાડનાર તો ભગવાન જ છે.' એમ કોણે કહ્યું?
**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) શ્રીજી મહારાજ — ૫. **૧**

૬. અસેવા તે શું?
(૧) અયોગ્ય સેવા (૨) ઈચ્છા પ્રમાણે સેવા **(૩) અવગુણ લેવો** — ૬. **૩**

૭. 'ગુણાતીતં ગુરું પ્રાપ્ય.........' આ શ્લોક ક્યારે બોલવાનો હોય છે?
(૧) પૂજામાં (૨) જમતાં પહેલાં **(૩) સભા પૂરી થતાં** — ૭. **૩**

૮. પરમહંસ તરીકે કેટલા સાધુઓને ભગવાન સ્વામિનારાયણે દીક્ષા આપી?
(૧) ૫૦૦ (૨) ૧૦૦૦ **(૩) ૩૦૦૦** — ૮. **૩**

૯. ઘનશ્યામ પ્રભુના માતાનું નામ શું હતું?
**(૧) ભક્તિદેવી** (૨) શારદા દેવી (૩) સુવાસિની — ૯. **૧**

૧૦. બી.એ.પી.એસ. સંસ્થાના મુખ્ય શાસ્ત્ર કયા છે?
(૧) વચનામૃત, સ્વામીની વાતો, ભક્તચિંતામણી, હરિલીલામૃત — ૧૦. **૩**
(૨) વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણી, હરિલીલામૃત
**(૩) વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી, સત્સંગદીક્ષા**

૧૧. આરતીમાં કેટલા તત્ત્વોથી ભગવાનનું પૂજન કરવામાં આવે છે?
(૧) બે તત્ત્વ **(૨) પંચતત્ત્વ** (૩) ચાર તત્ત્વ — ૧૧. **૨**

૧૨. આરતીમાં 'દાસભાવ દિવ્યતાસહ' પછી કઈ પંક્તિ આવે છે?
(૧) સર્વોપરી કરુણાકર **(૨) બ્રહ્મરૂપે પ્રીતિ** (૩) ધન્ય ધન્ય મમ જીવન — ૧૨. **૨**

૧૩. વ્યાપકાનંદ સ્વામીએ કોનો જીવ લઈ ઘોડીને જીવતી કરી?
(૧) માખી **(૨) મચ્છર** (૩) પતંગિયું — ૧૩. **૨**

**૧૪.** ચાર વેદોમાંનો ૧ વેદ કયો છે?

(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(૩) અથર્વ** **૧૪.** | 3 |

**૧૫.** જન્મ-મરણના ચક્રમાં જીવ કયો સર્વોત્તમ દેહ ધારણ કરે છે?

(૧) પશુનો (૨) વૃક્ષનો **(૩) મનુષ્યનો** **૧૫.** | 3 |

**૧૬.** ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા?

**(૧) છપૈયા** (૨) અટલાદરા (૩) જેતલપુર **૧૬.** | ૧ |

**૧૭.** રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા ક્યાં આપી?

(૧) જેતલપુર (૨) લોયા **(૩) પિપલાણા** **૧૭.** | 3 |

**૧૮.** ઘનશ્યામને કોણ ઘરે જ ભણાવતા હતા?

(૧) શિક્ષક **(૨) ધર્મદેવ** (૩) પંડિત **૧૮.** | ૨ |

**૧૯.** રાજા વજેસિંહે દરબારમાં લાડુદાનજીને ગાતા સાંભળી શું કર્યું?

(૧) ના ખુશ થયા (૨) ખુશ થયા અને ધન આપ્યું. **૧૯.** | 3 |

**(૩) ખુશ થયા અને સોનાથી મઢવાનું વિચાર્યું**

**૨૦.** મૂળજી ભગતે ગામના વૃદ્ધોને શું કરતા જોયાં?

**(૧) ગામના વૃધ્ધો ગામગપાટા કરતા હતા અને વ્યસન કરતા હતા.** **૨૦.** | ૧ |

(૨) સર્વે વૃધ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.

(૩) સર્વે વૃધ્ધો પોતાના પૌત્રોને ભગવાનની વાતો કરતા હતા.

**૨૧.** ૧૩ જૂન ૧૯૮૮માં કયા દેશની પાર્લામેન્ટમાં પ્રમુખસ્વામી મહારાજનું સન્માન થવાનું હતું?

(૧) અમેરિકા **(૨) કેનેડા** (૩) લંડન **૨૧.** | ૨ |

**૨૨.** શિખરબધ્ધ મંદિરમાં થતી દિવસની પહેલી આરતી કઈ?

**(૧) મંગળા** (૨) શયન (૩) રાજભોગ **૨૨.** | ૧ |

**૨૩.** એકાદશી કેટલી રીતે કરી શકાય?

(૧) ૧ (૨) ૨ **(૩) ૩** **૨૩.** | 3 |

**૨૪.** યોગીજી મહારાજે શેની સ્થાપના કરી?

(૧) લાઈટબલ્બ **(૨) બાળમંડળ** (૩) કથાવાર્તા **૨૪.** | ૨ |

**૨૫.** આરતી ઉતારી જ્યોત પર કેટલીવાર પ્રદક્ષિણાની જેમ જળ ફેરવવાનું હોય છે?

(૧) ૨ **(૨) ૩** (૩) ૪ **૨૫.** | ૨ |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** અહિંસાએ હિંદુ ધર્મના ઘણા બધા સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત છે. **૧.** | ✓ |

**૨.** ઉત્સવ પછી રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, 'સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો.' **૨.** | ✓ |

**૩.** જામનગરના રાજા જામસાહેબ હતા. **૩.** | ✓ |

**૪.** દાદાખાચરે ગોપાળાનંદ સ્વામી જેવી યોગની શક્તિ દર્શાવી હતી. **૪.** | ✗ |

૫. ગૃહત્યાગ કર્યા બાદ ઘનશ્યામ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. ૫. ✗

૬. આપણે (બી.એ.પી.એસ.) સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી છે. ૬. ✓

૭. ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બન્યા કારણકે તેમણે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના સમજાવી. ૭. ✓

૮. શ્રીજી મહારાજે ક્યારેય પણ અનંત બ્રહ્માંડના જીવોની મુક્તિ માટે એક સાથે મનુષ્ય દેહ ધર્યો નથી. ૮. ✗

૯. કુસંગરૂપી ઝેર પોતાની અસર તરત જ દર્શાવે છે. ૯. ✓

૧૦. પૂજામાં આપણે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસીએ છીએ. ૧૦. ✗

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

૧. ચાર વેદો કયા છે?

**જ. ચાર વેદો છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.**

૨. સનાતન ધર્મનો પ્રસાર ક્યાંથી થયો?

**જ. સિંધુ નદીના કાંઠે સનાતન ધર્મનું જ્ઞાન પ્રથમ પ્રસાર થયું.**

૩. નારાયણના પિતાએ રૂ. ૫૦૦ ક્યાં સંતાડ્યા હતા?

**જ. નારાયણના પિતાએ હવેલીના મુખ્ય ઓરડાના ત્રીજા પાટડામાં ૫૦૦ રૂપિયા સંતાડ્યા હતા.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. ૐ સહ નાવવતુ, ........................ શાન્તિઃ ॥

**જ. ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

૨. રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના.

**જ. હે મહારાજ, હે સ્વામી ! હે મહંત સ્વામી મહારાજ ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતા-પિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** જાણવા જેવું : ગુરુહરિ મહંતસ્વામી મહારાજ **(પાઠ નં. ૩૯)**

**૨.** BAPS (બી.એ.પી.એસ.) સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** સિંહને વશ કર્યો **(પાઠ નં. ૫)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**